# વડોદરા મહાનગર પાલિકા

**www.vmc.gov.in**

## પેન્શનરો/ ફે.પેન્શનરોની હયાતીની ખાત્રી કરવા અંગે

વડોદરા મહાનગરપાલિકાના પેન્શનરો/ફેમીલી પેન્શનરો (ગેસખાતા સહ)ને જણાવવામાં આવે છે કે દરેક પેન્શનરોએ દર વર્ષની જેમ તેઓને નિયમિત પેન્શન મળતુ રહે તે માટે પોતાની હયાતી અંગેની ખાત્રી કરવવાની રહે છે તે માટે આ વર્ષેથી જીવન પ્રમાણ એપ મારફતે **Digital Life Certificate (DLC)** થકી ઘર બેઠા હયાતી કરાવવા અંગેની સુવિધા શરૂ કરવામાં આવેલ છે.આથી દરેક  પેન્શનર/ફે.પેન્શનરોએ પોતાની હયાતી અંગેની ખાત્રી **DLC** પધ્ધતિથી કરવા માટે નીચે મુજબની કાર્યવાહી એન્ડ્રોઇડ સ્માર્ટ ફોનમાં કરવાની રહેશે:

**૧.** પ્લે સ્ટોર પરથી **Aadhar FaceRD** અને **Jeevan Pramaan  Application** ડાઉનલોડ કરી જરૂરી પરમીશન આપો**.**

**૨.** ત્યાર બાદ Pensioner Identification માટે **Aadhar** નો વિકલ્પ પસંદ કરી પોતાનો **આધાર નંબર, મોબાઇલ નંબર તેમજ ઇ–મેલ એડ્રેસ** Enter કરી Submit કર્યા બાદ આવેલ **OTP**  દાખલ કર્યા બાદ પુન: Submit કરવાનુ રહેશે.

**૩.** ત્યાર બાદ પેન્શનરે આધાર મુજબ **પોતાનુ નામ**, Type of Pension માં **Service (**ફેમિલી પેન્શનના કિસ્સામાં **Family)** નો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

**૪.** Organization Type માં **Municipal Corporation/Local Bodies** તથા Sanction Authority, Disbursing Agency અને Agency માં **Vadodara Municipal Corporation** Select કરવાનુ રહેશે.

**૫.** ત્યારબાદ PPO Number માં **પેન્શન નંબર (દા.ત.C105055 / G300112 / E100125),** Account Numberમાં **Bank Of Baroda** નો **14 Digit** નો પેન્શન વિભાગમાં આપેલ આપનો બેંક એકાઉન્ટ નંબર દાખલ કરો.

**૬.** Re-Employed તેમજ Re-Marriage માં **Yes** કે  **No** Select કરો ત્યાર બાદ Next બટન પર કલીક કરતા તમારા દ્વારા દાખલ  કરેલ વિગતો મોબાઇલના સ્ક્રિન પર દેખાશે જો વિગતો ખરી હોયતો જરૂરી પરમિશનના ખાનામાં ટીક કરી **Submit** કરો ત્યાર બાદ **Confirm** કરી **Scan** બટન પર ક્લિક કરો.

**૭. Aadhar Auth.** કેમેરો ઓપન થશે**.** તેમાં તમારો ચહેરો કેમેરા સામે રાખી **Scan** કરો, તમારો ચહેરો સફળતા પુર્વક **Scan** થયા બાદ તમારા મોબાઇલ પર જીવન પ્રમાણ લાઇફ સર્ટીફીકેટ **(DLC)** દેખાશે તેનો સ્ક્રીન શોટ લઇ લેશો.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા આપની હયાતી સફળતા પુર્વક થયેલ છે કે કેમ? તે અંગેનો **SMS** ૨૪ કલાક બાદ (કામકાજના દિવસો દરમ્યાન ઓફીસ સમયમાં)આપના મોબાઇલ નંબર પર આવશે. આ માટેનુ જરૂરી યુઝર મેન્યુઅલ વડોદરા મહાનગરપાલિકાની વેબ સાઇટ **www.vmc.gov.in** પર મુકવામાં આવેલ છે. **ફેમિલી પેન્શન મેળવતા પેન્શનરોએ પુન:લગ્ન નહિં કર્યા અંગે મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રી અથવા સરકારી ગેઝેટેડ અધિકારીશ્રીનુ પ્રમાણપત્ર રજુ કરવા, વારસદાર પુત્ર–પુત્રી–માતા–પિતા તેમજ વિકલાંગોએ માસિક આવકનુ પ્રમાણપત્ર રજુ કરવા, પેન્શન નંબર, ઠરાવ સાથે હિસાબી શાખા, પેન્શન વિભાગ, ખંડેરાવ માર્કેટમાં તા.૨૧.૦૩.૨૦૨૫ થી ૩૦.૦૪.૨૦૨૫** સુધીમાં આપી જવાના રહેશે. પેન્શનરોનએ જીવન પ્રમાણ એપ થકી હયાતીની ખાત્રી **તા.૨૧.૦૩.૨૦૨૫ થી ૩૦.૦૪.૨૦૨૫**  કરી લેવાની રહેશે. આ અંગે જો કોઇ મુશ્કેલી હશે તો તેઓએ આધાર કાર્ડ સાથે લીંક મોબાઇલ સાથે પેન્શન વિભાગમાં **તા.૨૧.૦૩.૨૦૨૫** થી કામકાજના દિવસો દરમ્યાન ઓફીસ સમયમાં હિસાબી શાખા પેન્શન વિભાગનો સંર્પક કરેથી જીવન પ્રમાણ થી હયાતી કરાવવા અંગે યોગ્ય માર્ગદર્શન આપી હયાતી કરાવામાં આવશે.

પેન્શનરો/ફેમીલી પેન્શનરો કે જેઓ પરદેશ વસવાટ કરતા હોય તેઓએ પણ ઉપરોક્ત મુજબ હયાતી કરાવવાની રહેશે અને ખાસ કિસ્સા માંજ ગેઝેટેડ ઓફિસર્સ/નોટરી સમક્ષ કરાવેલ હયાતીનુ અસલ પ્રમાણ પત્ર સ્વીકારવામાં આવશે. **તા.૨૧.૦૩.૨૦૨૫ થી ૩૦.૦૪.૨૦૨૫** દરમ્યાન હયાતીની ખાત્રી નહી કરાવનાર પેન્શનરો/ફેમીલી પેન્શનરોનુ પેન્શન ચુકવવા સંદર્ભે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**સહી. દિલીપ રાણા (આઇ.એ.એસ)**
**મ્યુનિસિપલ કમિશનર**

**પી.આર.ઓ.નં.૧૩૫૨/૨૪–૨૫**